ક્રમાંકઃ-પ્રાશિનિ/ગ-મેડિકલ/ઉચ્ચક નાણાકીય સહાય/સૂચના/૨૦૨૫/
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ડો. જી.મ.ભવન, બ્લોક નં.૧૨/૧,
ગુ.રા.ગાંધીનગરતા.૦૯/૧૦/૨૦૨૫

**પ્રતિ,**
શાસનાધિકારીશ્રી, તમામ
નગર શિક્ષણ સમિતિ, તમામ

**વિષયઃ**- ઉચ્ચક નાણાકીય સહાય સૂચના બાબત.
**સંદર્ભ-** (૧)સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્ર:રહમ/૧૦૨૦૦૯/૧૬૫૧/ક,તા.૫-૭-૨૦૧૧
(૨) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્ર:રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક ,તા.૧૩-૧૦-૨૦૧૫
(૩) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્ર:રહમ/૧૦૨૦૦૯/૧૬૫૧/ક ,તા.૦૭-૦૪-૨૦૧૬
(૪)સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્ર:રહમ-૧૦૨૦૧૭- યુ.ઓ-૧૦૬(૧૮૦૯૯૫)-,તા.૨૦/૭/૨૦૧૭
(૫) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્ર:રહમ/૧૦૨૦૦૯/૧૬૫૧/ક , તા.૨૪-૦૯-૨૦૨૨
(૬) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ:રહમ/૧૦૨૦૧૭/યુ.ઓ/૧૦૬(૧૮૦૯૯૫)ક ,તા.૨૨/૧૦/૨૦૨૩
(૭) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ:રહમ/૧૦૨૦૧૭/યુ.ઓ/૧૦૬(૧૮૦૯૯૫)ક ,તા.૧૨/૧૦/૨૦૨૩
(૮)શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: ED/CRT/e–file/2022/2200/CH

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ દર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, સામાન્ય વહીવટ વિભાગનાં ઠરાવ ક્રમાંક:રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક, તા.૫/૭/૨૦૧૧થી રહેમરાહે નોકરીની જગ્યાએ સ્વ.કર્મચારીના આશ્રિતને ઉચ્ચક નાણાંકીય સહાય યોજના લાગુ કરવામાં આવેલ છે. સ્વ.કર્મચારીના આશ્રિતને આકસ્મિક સમયે રાહત મળી રહે તે હેતુથી આ યોજના લાગુ કરવામાં આવેલ છે.

સામાન્ય વહીવટ વિભાગના તા.૫/૭/૨૦૧૧ના ઠરાવથી ઉચ્ચક નાણાકીય સહાયની યોજના અમલમાં મૂકેલ હોઈ, તે મુજબ રાજ્યની નગર શિક્ષણ સમિતિ સંચાલિત સરકારી પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકો/વિદ્યાસહાયકો પૈકી ચાલુ નોકરીએ અવસાન પામે તેવા કેસોમાં તેઓના આશ્રિતોને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની યોજના સા.વ.વિ.ના ઉક્ત ઠરાવ અને ત્યારબાદ ઉક્ત વંચાણે લીધેલ ઠરાવોથી વખતો વખત થયેલ સુધારા અનુસારની જોગવાઈ મુજબ તા.૦૫/૦૭/૨૦૧૧ ની પશ્ચાદ્વર્તી અસરથી લાગુ કરવાની આથી શિક્ષણ વિભાગના સંદર્ભ-૦૭ થી મંજૂરી આપવામાં આવેલ છે જેથી આવી દરખાસ્ત તૈયાર કરી અત્રેની કચેરીને મંજુરી માટે મોકલતી વખતે નીચેની સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.

(૧) આશ્રિત દ્વારા રજૂ કરેલ પ્રથમ અરજી. (સંબંધિત કચેરીની આવક રજિસ્ટરની નોંધ/નંબર તારીખ સાથેની)

(૨) શાસનાધિકારીશ્રી અને કચેરીનું હિસાબી કામકાજ સંભાળતા હિસાબી સંવર્ગના મુખ્ય અધિકારી/ કર્મચારીના સંયુક્ત સહી/ સિક્કા સાથેનું ૨૯ મુદ્દાનું ચેકલીસ્ટ મળવાપાત્ર ઉચ્ચક નાણાકીય સહાયની રકમ આંકડા અને શબ્દોમા દર્શાવતું તારીખ લખેલ પ્રમાણપત્ર (આ સાથે સામેલ છે)

(૩) સ્વ. કર્મચારીના આશ્રિત, કે જેના નામે ઉચ્ચક નાણાકિય સહાય મંજુર કરવાની છે તે નોકરી કરતા નથી/ પેંશનર નથી તે બાબતનું સા.વ.વિ.નાં તા.૫/૭/૨૦૧૧ થી નિયત થયેલ નમૂનામાં સોગંદનામું કરાવી રજૂ કરવાનું રહેશે.(આ સાથે સામેલ છે)

(૪) આશ્રિતની સામાન્ય નિયુક્તિ ફોર્મની નકલ સંબંધિત અધિકારીશ્રી દ્વારા પ્રમાણિત કરીને (નિયુક્તિ સ્વ.કર્મચારી દ્વારા પોતાની સહીથી થયેલ હોવી જોઈએ) અથવા વારસાઈ પ્રમાણપત્ર (મામલતદારશ્રીનું)

(૫) સ્વ. કર્મચારીનું મરણનું પ્રમાણપત્ર (સક્ષમ સત્તાધિકારીશ્રીનું)

(૮) આ કેસમાં અગાઉ ઉચ્ચક નાણાંકીય સહાય સ્વ.કર્મચારીના આશ્રિતને ચુકવાયેલ નથી/ રહેમરાહે નોકરી આપેલ નથી તે બાબતનું સક્ષમ અધિકારીશ્રીનું/ શાસનાધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૯) આ યોજનાનો લાભ સા.વ.વિ. ના તા.૧૩/૧૦/૨૦૧૫ ના ઠરાવથી નક્કી થયેલ આશ્રિત અગ્રતા ક્રમ મુજબના આશ્રિતોને મળે તે રીતે દરખાસ્ત તૈયાર કરવાની રહેશે.

*** નીચે મુજબ રકમ મળવાપાત્ર રહેશે. ***

( જો કોઈ જોગવાઈ અંગે માહિતી દોષ રહેવા પામેલ હોય તો જે તે ઠરાવની મૂળ જોગવાઈઓ ધ્યાને લેવાની રહેશે. )

(૧) સા.વ.વિ.ના તા.૫/૭/૨૦૧૧ પછી અને તે પહેલાના અવસાનના કિસ્સામાં નીચે મુજબ રકમ લાગુ પડશે.

| ક્રમ | નોકરીનો બાકી રહેતા સમયગાળા મુજબ | રકમ | ઠરાવ |
|---|---|---|---|
| 1 | ૨૦ વર્ષ કે તેથી વધુ સેવા બાકી હોય | રૂ.૬ લાખ | સામાન્ય વહીવટ વિભાગનાં તા.૫/૭/૨૦૧૧નાં ઠાવ મુજબ |
| 2 | ૨૦ વર્ષથી ઓછી પણ ૧૦ વર્ષ કે તેથી વધુ સેવા બાકી હોય | રૂ.૫ લાખ | |
| 3 | ૧૦ વર્ષથી ઓછી સેવા બાકી હોય | રૂ.૪ લાખ | |

**(૨) તા.૭/૪/૨૦૧૬ થી તા.૨૩/૯/૨૦૨૨ ના કિસ્સામાં ૮ લાખ**

**(૩) તા.૨૪/૯/૨૦૨૨ પછી ના કિસ્સામાં રૂ.૧૪ લાખ**

| ક્રમ | મળવાપાત્ર રકમ | ઠરાવ |
|---|---|---|
| 1 | રૂ.૮ લાખ | સામાન્ય વહીવટ વિભાગનાં તા.૭/૪/૨૦૧૬નાં ઠરાવ મુજબ |
| 2 | રૂ.૧૪ લાખ | સામાન્ય વહીવટ વિભાગનાં તા.૨૪/૯/૨૦૨૨નાં ઠરાવ મુજબ |

(૪) ફિક્સ પગારની નોકરીના કરારીય સમયગાળા દરમ્યાન અવસાન પામેલ કર્મચારીને નીચેના કોઠામાં દર્શાવ્યા મુજબ લાગુ પડતા ઠરાવની જોગવાઈ મુજબની રકમ લાગુ પડશે.

- તા.૨૦/૭/૨૦૧૭ થી તા.૨૮/૧૦/૨૦૨૨ સુધીના કિસ્સામાં રૂ. ૪ લાખ
- તા.૨૯/૧૦/૨૦૨૨ થી તા.૧૧/૧૦/૨૦૨૩ સુધીના કિસ્સામાં રૂ. ૭ લાખ
- તા.૧૨/૧૦/૨૦૨૩ પછીના તમામ કિસ્સામાં રૂ. ૧૪ લાખ

| | | |
|---|---|---|
| ૧ | રૂ.૪ લાખ | સામાન્ય વહીવટ વિભાગનાં તા.૨૦/૭/૨૦૧૭ ના ઠરાવ મુજબ (કરારીય સમયગાળા દરમ્યાન અવસાન પામેલ કર્મચારી) |
| ૨ | રૂ.૭ લાખ | સામાન્ય વહીવટ વિભાગનાં તા.૨૯/૧૦/૨૦૨૨ ના ઠરાવ મુજબ (કરારીય સમયગાળા દરમ્યાન અવસાન પામેલ કર્મચારી) |
| ૩ | રૂ.૧૪ લાખ | સામાન્ય વહીવટ વિભાગનાં તા.૧૨/૧૦/૨૦૨૩ ના ઠરાવ મુજબ (કરારીય સમયગાળા દરમ્યાન અવસાન પામેલ કર્મચારી) |

આ પત્રમાં ઉક્ત રીતે દર્શાવેલ સમજૂતી માત્ર જાણકારી માટે છે તેથી દરખાસ્ત તૈયાર કરતી વખતે સંદર્ભમાં ઉલ્લેખિત ઠરાવોની મૂળ જોગવાઈઓ ધ્યાને લઈ નિયત સમય મર્યાદામાં વિગતવાર દરખાસ્ત તૈયાર કરી સત્વરે અત્રેની કચેરીને મોકલવાની રહેશે.

બિડાણ: તમામ ઠરાવ, ચેકલીસ્ટ, સોગંદનામું

નાયબ શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

Signature Not Verified

Signed by:B.D.Baria
Deputy Director of Education (Plan)
Date:2025.10.10
10:52:42 +5:30